# ૭.૭ જૈન શાસનના પ્રભાવશાળી મંત્રો

## મંત્રવિજ્ઞાન

માનવીના શરીરમાં એક પ્રકારનો પ્રાણપ્રવાહ નિરંતર વહે છે. માનવીની બુદ્ધિ શરીરના પ્રાણપ્રવાહમાં રહેલ છે. પ્રાણ વાયુરૂપ સૂક્ષ્મ છે. જે અનુભવથી સમજી શકાય છે. એટલે તેનાં સાધનો પણ સૂક્ષ્મ હોય છે.

મન અને પ્રાણનો ઘણો નિકટનો સંબંધ છે. મનને ફરવાનું માધ્યમ પ્રાણ છે એટલે જ બે વ્યક્તિઓ વચ્ચે જે વાતચીત થાય છે અને મોજાંઓ ઉડે છે તે બહિર્પ્રાણના માધ્યમદ્વારા બીજી વ્યક્તિ ઝીલે છે. માનવીનું મસ્તક પણ એક વિશિષ્ટ પ્રકારનું યંત્ર  હોવાથી તે મોજાઓ શક્તિ અનુસાર ઝીલે છે.

માનવીના મસ્તકમાં ઘણી સૂક્ષ્મ નાડીઓ હોય છે. આ નાડીઓ અન્નના દોષો કફ, પિત્ત અને વાયુરૂપે ભરાયેલા હોય છે. અને બહારના વાતાવરણથી શ્વાસોશ્વાસદ્વારા પણ ઘણા દોષો આવીને શરીરની નાડી જાળમાં ભરાય છે.

વૈજ્ઞાનિક નિયમ છે કે કોઈ પણ પદાર્થ ઉપર વારંવાર ફટકા મારવામાં આવે તો તેમાં ગરમી ઉત્પન્ન થાય છે. મંત્રવિજ્ઞાનમાં પણ આ નિયમ કામ કરે છે.

પ્રાણ એ જીવનશક્તિછે. આ પ્રાણના સૂક્ષ્મ અણુઓ આપણા શરીરના અન્નમય કોષમાં અને હાડકાંઓની મજ્જામાં સ્થિત થઈને રહેલા છે. તેમજ લોહીના પરિભ્રમણમાં આ પ્રાણશક્તિ વહેતી હોય છે. નિત્ય નિયમસર મંત્રોચ્ચાર કરવામાં આવે તો જુદી જુદી નાડીઓનાં કેન્દ્રોમાં (મૂળાધાર, સ્વાધિષ્ઠાન, અનાહત, વિશુદ્ધચક્ર વગેરે) ઉપર પદ્ધતિસરના મંત્રોચ્ચાર અને ધ્યાન સાથે વાચિક જપ (ભાષ્યજપ) સૌપ્રથમ કરવામાં આવે તો મંત્રોચ્ચારની ગરમીને લીધે નાડીજાળમાં રહેલા કફ, પિત્ત, વાયુ, છૂટા પડી દોષો દૂર થઈ જાય છે. અર્થાત્ સ્થૂલ શરીરના દોષો નાશ પામે છે. પ્રાણ પ્રવાહને શરીરમાં ફરવાની જગા મળે છે. આ પ્રાણ જીવન હોવાથી શરીરના અનેક દોષો બળી જાય છે. નિત્ય મંત્રજાપ કરવામાં આ એક વિશેષ હેતુ રહેલો છે.

આ કારણથી જ વાચિક, ઉપાંશુ અને માનસિક આ ત્રણે પ્રકારના મંત્રજાપની આવશ્યકતા છે. વાચિક મંત્રજાપથી સ્થૂલ શરીરની શુદ્ધિ થાય છે. ઉપાંશુ જાપથી સૂક્ષ્મશરીરની શુદ્ધિ થાય છે અનો માનસિક જાપથી જ્ઞાનમય શરીરની શુદ્ધિ થાય છે. આમ ત્રિવિધ – વાચિક, ઉપાંશુ અને માનસિક જાપ પદ્ધતિ ઉપર સંપૂર્ણ પ્રભુત્વ કરી લેવામાં આવે ત્યારે માનવીની પરાશક્તિઓને ઝીલવાની શક્તિ પણ પ્રાપ્ત થાય છે.

માનવીના મસ્તકમાં રહેલા જ્ઞાનતંતુઓ (નાડીઓ) ને નિત્ય પ્રક્રિયાદ્વારા (મંત્રોચ્ચારદ્વારા) શુદ્ધ રાખવી પડે છે. રાસાયણીક પ્રક્રિયા થાય પરંતુ ગરમીને લઈ લેવામાં આવે ત્યારે તે અટકી પડે છે. તેમ નિત્ય મંત્રોચ્ચારની ગરમી આપવામાં આવે તો સદા શુદ્ધ અવસ્થા રહે છે. માટે મંત્રઘોષ (મંત્રજાપ) નિયમિત થાય એ અતિ આવશ્યક છે.

*નિર્બીજમક્ષરં નાસ્તિ નાસ્તિ મૂલમંનૌષધં ॥*

*નિર્ધના પૃથિવી નાસ્તિ આમ્નાયાઃ ખલુ દુર્લભા ॥૧॥*

***અર્થ*** *– બીજ વગરનો કોઈ અક્ષર નથી. એટલે કે લિપિ શાસ્ત્રમાં જેટલા અક્ષરો છે તે બધા યુક્ત એટલે કોઈપણ પ્રકારની શક્તિસંપન્ન હોય છે. માટે જ લખવા–વાંચવાથી મનુષ્યના હૃદયમાં એક પ્રકારની એવી અસર ઉત્પન્ન થાય છે કે જેથી મનુષ્યો સુખદુ:ખનો અનુભવ કરી શકે છે. તેવી જ રીતે કોઈ પણ વનસ્પતિ દુનિયામાં એવી નથી કે જે ઔષધરૂપ ન હોય. પૃથ્વી પણ નિર્ધન નથી કારણ કે તે અનેક વિધ રત્નોની ખાણ છે. માટે જ શાસ્ત્રોમાં પૃથ્વીને રત્નગર્ભા કહેલ છે. માત્ર જે દુર્લભ છે તે એજ છે કે આમ્નાય એટલે તદ્‌તદ્‌ વસ્તુનું સંપૂર્ણ જ્ઞાન એજ દુર્લભ છે.*

*મંત્ર સાધના કરનાર મનુષ્ય કામ, ક્રોધ, લોભ, મદ, માયા, કપટ, સ્વાદ, શ્રૃંગાર, કૌતુક અને સ્રીસંગ એ દસ વસ્તુનો ત્યાગ કરી મન વચન અને કાયાની એકાગ્રતાપૂર્વક મંત્ર ભણે. અગર નશીબ સારૂં હશે તો જરૂર ફળ પ્રાપ્ત કરશે. દરેક બાબતોમા કર્મ બલવાન છે. બીજી વાત એ છે કે, કોઈપણ કાર્ય કરવા માટે પહેલા શ્રદ્ધા જોઈએ. શ્રદ્ધાવિના મુક્તિ પણ નથી મળતી. તો મંત્ર કેમ ફળીભૂત થાય?*

*જે મનુષ્યનું પ્રારબ્ધ બલવાન નથી તેના પાસે પ્રાય: મંત્રના અધિષ્ઠાયક દેવો આવતા નથી; પરન્તુ એ મર્મને નહીં જાણતા કેટલાક અજ્ઞાન પુરૂષો એકદમ કહી દે છે કે બસ, મંત્ર ફળીભૂત થતા નથી. પરન્તુ મંત્ર નહીં ફળવાના મુખ્ય બે કારણો છે. એક તો પ્રારબ્ધ સારૂં ન હોય જેથી વિધિ સહિત મંત્ર ભણી ન શકાય અને બીજું કારણ કોઈ વિઘ્ન આવી પડે. પરંતુ જો પ્રારબ્ધ સારાં હોય તો મંત્રના અધિષ્ઠાયક દેવ અવશ્ય રહીને પણ જવાબ આપે છે. પણ પ્રત્યક્ષ દેખાતા નથી.*

*કોઈ કહેશે કે પ્રારબ્ધ સારૂં હોય તો મંત્ર ભણવાથી શું લાભ? એ પ્રશ્નનો ઉત્તર માત્ર એટલો જ આપી શકાય કે જ્યારે પ્રારબ્ધ સારૂં હોય ત્યારે જ સારા યોગો આવી મળે છે. અક્ષરોના સંયોગોને મંત્ર કહેવામાં આવે છે. એ મંત્ર ભણવાથી અક્ષરોના જે જે પરમાણુઓ બ્રહ્માંડમાં ફેલાય છે. તેથી એક પ્રકારની એક નવીજ અસર ઉત્પન્ન થાય છે અને તેથી અવધિજ્ઞાની દેવતાઓ સ્વર્ગમાં બેઠા બેઠા પણ અવધિજ્ઞાન દ્વારા જાણી શકે છે. કે અમુક માણસ અમુક સ્થાને બેઠા બેઠા મારૂં સ્મરણ કરી રહેલ છે. પ્રાચીનકાળમાં એવા પ્રારબ્ધવાન મનુષ્યો હતા કે જેની પાસે દેવતાઓ હંમેશા સેવકભાવે હાજર રહેતા. જેમકે તીર્થંકર, ચક્રવર્તિ, વાસુદેવ વગેરે.*

*કોઈ એક મંત્રો એવા છે કે જેનું હંમેશાં સ્મરણ કરવાથી આત્માનું કલ્યાણ થઈ શકે છે. પંચ પરમેષ્ઠિ મહામંત્રનું સ્મરણ કરવાથી અશુભ અને અનિકાચિત કર્મનો નાશ થઈ પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરે છે. પરલોકમાં ઉચ્ચ ગતિ મેળવે છે. અને આ જન્મમાં પણ આનંદ મેળ છે. જૈન શાસ્ત્રોમાં વર્ધમાન વિદ્યા, સૂરિમંત્ર અને અપરાજિતા મહાવિદ્યાનું વિધાન કરેલ છે. જે મુનિજનોએ જરૂર પાઠ કરવા યોગ્ય છે. જેથી અશુભ અનિકાચિત પાપકર્મોની નિર્જરા થાય છે.*

*જે મકાનમાં બેસીને મંત્રનો જાપ કરવો હોય તે પવિત્ર અને સાફ હોવું જોઈએ. દિવાલો ઉપર ચૂનાનો હાથ મારી અથવા રંગ–રોગાનથી સુશોભિત બનાવવી. માથે ચાંદની બાંધવી અને ચારે કોર ફૂલોની માળા વગેરે સુગંધી વસ્તુઓથી શણગારી સુંદર બનાવવું. જેમ બને તેમ એકાંત સ્થાન વધારે પસંદ કરવું શ્રેષ્ઠ છે. મંત્રસાધકે એક ઉત્તરસાધક તરીકે કોઈપણ મનુષ્યને પોતાની પાસે જરૂર રાખવો જોઈએ. જેથી કોઈ વસ્તુની જરૂરપડે તો તે તુરત હાજર કરી શકે. મંત્રસાધકે પોતાનાં કપડાં અને આસન સાફ રાખવાં. ઘીનો દીપક,*

દશાંગ ધૂપ, ફળ, ફૂલ, નૈવેદ્ય વગેરે જે જે ચીજો લેવી તે ઉંચા પ્રકારની અને કિંમતી લેવી. મંત્ર પાઠ વખતે પદ્માસને અથવા સુખાસને બેસવું. પરંતુ જિનમંદિરમાં પ્રભુની સન્મુખ પદ્માસને બેસવું નહિં. કારણ કે તેથી અવિવેક થાય છે.

મંત્ર ભણતી વખતે માલા અંગુઠા ઉપર રાખી તર્જની અંગુલી વડે ફેરવવી. જેટલા દિવસો સુધી મંત્રારાધન કરવું હોય તેટલા દિવસ નિયમસર આરાધન કરવું પણ ટાઈમમાં વારંવાર ફેરફાર કરવો નહિં. હંમેશાં એક જ વખત ભોજન કરવું, બ્રહ્મચર્યનું બરાબર પાલન કરવું તથા જમીન ઉપર ચટાઈ, કંબલ, અથવા શેતરંજી પાથરીને સુવું. અસત્ય બોલવું નહિ. તેમજ આચાર વ્યવહાર બહુજ શુદ્ધ રાખવો. ભોજનમાં રોટલી, દાળ, દુધ, સાકર, ઘી વગેરે પવિત્ર ચીજો પાચન થાય તેટલી જ ખાવી.

દરેક મંત્રો શીખવાને માટે પુષ્યાર્ક, હસ્તાર્ક, મૂલાર્ક, અથવા તીર્થંકર શ્રી મહાવીરસ્વામીના જન્મકલ્યાણકનો દિવસ એટલે દિવાળીનો દિવસ વધારે શ્રેષ્ઠ ગણાય. આ દિવસ કદાચ પાસે ન આવતો હોય તો પુનર્વસુ, પુષ્ય, શ્રવણ યા ધનિષ્ઠા નક્ષત્રનો દિવસ પણ સારો ગણાય. અગર આ યોગ પણ નજીકમાં ન આવતો હોય અને શિષ્યોને શીખવવાની ખાસ આવશ્યકતા હોય તો ગુરુમહારાજ પોતાનો ચંદ્રસ્વર ચાલતો હોય તે સમયે શીખવાડે. તે વખતે જો શિષ્યનો પણ ચંદ્રસ્વર ચાલતો હોય તો શુભ ગણાય. પરન્તુ તે વખતે શિષ્યનો ચંદ્રસ્વર ન ચાલતો હોય તો ગુરુ ભણાવી રહ્યા બાદ જ્યારે શિષ્ય ભણવું શરૂ કરે ત્યારે ચંદ્રસ્વર ચાલતો હોવો જોઈએ.

## જાપ

મંત્રશાસ્ત્રનો નિયમ છે કે દરેક મંત્રો વિવિધ અનુષ્ઠાન બળથી જુદી જુદી શક્તિઓનો અનુભવ કરાવેછે. તે માટે નિશ્ચિત આસન, દિશા, કાળ, માળા, મુદ્રા આદિનું બંધારણ જરૂરી છે. મંત્ર તો એક જ હોય પરંતુ બંધારણીય તત્ત્વ આસન, માળા, મુદ્રા આદિના ફેરફારથી મંત્રશક્તિનો પ્રવાહ જુદી દિશામાં ચોક્કસ વાળી શકાય છે. આ ઉપરથી સ્પષ્ટ સમજાય છે કે જો બંધારણની જાળવણી ન હોય તો મંત્રમાં ગમે તેટલી શક્તિ હોય તો પણ તે શક્તિઓનો પ્રાદુર્ભાવ શક્ય નથી.

નિશ્ચિત સમય, નિશ્ચિત આસન, નિશ્ચિત દિશા, નિશ્ચિત માળા અને નિશ્ચિત સંખ્યા એ મંત્રજાપ માટે મહત્તવની બાબત છે અને તે બરાબર સાચવવી જોઈએ.

**દિક્કાલમુદ્રાસનપલ્લવાનાં, ભેદં પરિજ્ઞાય જપેત્ સ મંત્રી ।**

**ન ચાન્યથા સિધ્યતિ તસ્ય મંત્રં, કુર્વન્ સદા તિષ્ઠતુ જાપહોમમ્ ॥૧॥**

મંત્રસાધકે દિશા કાળ મુદ્રા આસન અને પલ્લવો (મંત્રની આદિ કે અંતમાં આવતા બીજાક્ષરો) ની ભેદ વ્યવસ્થા જાણીને જાપ કરવો જોઈએ. જો તેમાં ભૂલ કરે તો (અન્યથા બીજી રીતે કરે તો) મંત્ર જાપતો હોય, હોમ કરતો હોય પણ મંત્ર સિદ્ધ થતો નથી.

જાપ ત્રણ પ્રકારના છે.

(૧) ભાષ્યજાપ, (૨) ઉપાંશુજાપ, (3) માનસજાપ.

(૧) બીજા સાંભળી શકે તેમ શુદ્ધ ઉચ્ચારપૂર્વક કરાતો જાપ તે **ભાષ્યજાપ** (વાચિક જાપ).

(૨) ન સંભળાય તેવી રીતે મંત્રાક્ષરો બોલીને જાપ કરવો તે **ઉપાંશુજાપ** (આ જાપમાં હોઠ અને જીભનું હલન-ચલન ચાલું હોય છે.)

(3) હોઠ અને જીભનું હલન-ચલન બંધ કરી ફક્ત મનમાં મંત્રોચ્ચારપૂર્વક મંત્રના આલેખન પૂર્વક મંત્રજાપ કરવો તે **માનસજાપ.**

ભાષ્યજાપ કરતાં ઉપાંશુંજાપ, ઉપાંશુજાપ કરતા માનસજાપ વધુ શક્તિશાળી છે. ઉદાહરણ તરીકે : હાથથી ફેંકેલ પત્થર સમાન ભાષ્યજાપ, ગોફણથી ફેંકેલ પત્થર સમાન ઉપાંશુજાપ અને બંદુકમાંથી છોડેલી ગોળી સમાન માનસજાપ છે. સમજવામાં સરળ પડે માટે જ આ ઉદાહરણ આપ્યું છે. આમ એક એક જાપ એક એકથી વધુ શક્તિવાળા છે.

માનસજાપ શાંતિ આદિ કાર્યો માટે થાય છે, ઉપાંશુજાપ પુષ્ટિ આદિ મધ્યમ કાર્યો માટે થાય છે અને ભાષ્યજાપ અભિચાર મારણ ઉચ્ચાટન આદિ અધમ કાર્યો માટે થાય છે.

વળી લિખિતજાપ છે તે ઘણો જ લાભદાયક છે. તેથી ચિત્ત એકાગ્ર બને છે. હૃદય પવિત્ર બને છે. એક આસને બેસવાનો અભ્યાસ થાય છે. ઈંદ્રિયો વશ થાય છે. મંત્ર લખતાં મંત્રોચ્ચાર કરતા જવું જાપની ઘણી શક્તિઓનો અનુભવ કરવામાં આ જાપ સહાયક બને છે.

જાપમાં એકાગ્રતા લાવવી જરૂરી છે. જેમાં એકાગ્રતા લાવવી હોય તેના ગુણમાં રસ થવો જોઈએ. બીજા વિચારો ન આવે. જેનો જાપ કરીએ તેનો જ વિચાર કરવો જોઈએ. એકાગ્રતા લાવવા માટે માળા અને સ્થળ નિયત જોઈએ. સ્થાનમાં સ્થાપવામાં પણ રહસ્ય છે. એક જ સ્થળે આસન કરવાથી અને એક જ માળા વડે જાપ કરવાથી પવિત્ર પરમાણુઓનો સંગ્રહ થાય છે.

અક્ષરમાં પણ અપૂર્વ અને અનંતશક્તિ છે. હૃદયરૂપ પાટીયા ઉપર મંત્રરૂપ સફેદ અક્ષરો લખેલ છે. એમ કલ્પના કરીને વાંચવા. એ અક્ષરો સફેદ હીરા જેવા કલ્પીને વાંચવાથી તેનું ધ્યાન થાય છે.

ધ્યાન એટલે ચિત્તની તન્મયતા. જાપની સાથે ધ્યાન જોડવાથી ઘણો લાભ થાય છે. ધ્યાનમાં જેટલી તન્મયતા – તીવ્રતા- એકાગ્રતા તેટલો વધુ લાભ થાય છે. માણસ જેવું ચિંતન કરે છે. તેવો તે થાય છે. તે વાત આજે વિજ્ઞાન પણ સ્વીકારે છે.

માનસજાપ અભ્યાસથી ધીમે ધીમે શિખાય છે. માનસજાપમાં સાધક પ્રગતિ કરતો જશે તેમ તેમ મસ્તકની અંદર જ્યાં બ્રહ્મરંધ્ર છે ત્યાં થોડી હલચલ થવાનો અનુભવ થશે. આ જાપનો અભ્યાસ પાડતી વખતે ધીરજ રાખવી જોઈએ. શ્રમ લાગવા માંડે ત્યારે ભાષ્ય જાપનો આશ્રય લઈને મનને આરામ આપવો જરૂરી છે.

આ ત્રિવિધ જાપ પદ્ધતિ ક્રમવડે એક કરતાં એક ચડીયાતી છે. આપણે શરીરને અંતિમ લક્ષ્ય તરીકે સ્વીકારતા નથી. પરંતુ અંતિમ લક્ષ્ય પ્રાપ્ત કરવાનું અમૂલ્ય સાધન માનીએ છીએ. એટલે શારીરિક શુદ્ધિની પ્રથમ જરૂર છે. તે માટે ભાષ્ય જાપ-વાચિક જાપ સૌપ્રથમ મહત્ત્વનું સાધન છે. ત્યારબાદ ઉપાંશુ જાપ માનસિક શુદ્ધિનું સાધન છે. આમ, શરીર અને મનની શુદ્ધિનો અનુભવ થયા બાદ માનસિક જાપ ઘણો જ લાભદાયક થાય છે.

શક્તિ અને સમય નક્કી કરીને થોડો સમય ભાષ્ય – વાચિક, થોડો સમય ઉપાંશુ અને થોડો સમય માનસિક જાપ. આમ ત્રિવિધ જાપ ઉપર સંપૂર્ણ કાબુ આવી જાય છે. સંકલ્પ સાથે જ કાંઈ પણ પદ્ધતિમાં જાપને બદલી શકાય છે.

મનને વ્યવસ્થામાં રાખનાર માધ્યમ એ મંત્ર કહેવાય. આપણા મનની ગતિ કોઈપણ પદાર્થ કરતાં વધુ છે. આંખના પલકારા માત્રમાં તે માઈલો સુધી પહોંચી જાય છે. તેના ઉપર નિયંત્રણમાં મંત્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. બહાર ફેંકાઈ જતી વરાળને નિયંત્રિત કરવામાં આવે તો એક પ્રકારની શક્તિ પેદા થાય છે. તેમ મનની શક્તિઓ આપણી જાણ બહાર ફેંકાઈ જતી હોય તેને નિયંત્રિત કરવી – રોકવી એ મંત્રનું કામ છે. આથી જ મંત્ર નિત્ય નિયમિત જપવાની આવશ્યકતા છે.

મંત્રના વારંવાર ઉચ્ચારણને લીધે પ્રતિક્રિયારૂપ જે ગરમી ઉત્પન્ન થાય છે. તેથી આ વીર્યશક્તિ બાષ્પરૂપ બને છે. અને શરીરમાં જ તેની ગતિ ઉર્ધ્વ બને છે તે શક્તિ મનુષ્યના મસ્તકમાં પહોંચી ઓજમાં તેનું રૂપાંતર થાય છે. મસ્તક એ મૂળ હોવાથી તે મૂળ મારફત શરીરના પ્રત્યેક અંગોમાં વહેંચાઈ સ્થિત થાય છે. પરિણામે વીર્યશક્તિનો એકત્રિત થયેલો જથ્થો જે એક સ્થાને નીચે ગતિ કરતો હોય તે સર્વ શરીરમાં વહેંચાંઈ જવાથી વાસનાવૃતિ ઓછી થઈ જાય છે. છતાં શક્તિનો વ્યય થતો નથી.

આ સઘળી પ્રક્રિયા અને વિકાસના આધારરૂપ મંત્રજાપ છે. મંત્રને પદ્ધતિસર જપવામાં આવે તો એક સર્જનાત્મક શક્તિ માનવીમાં પેદા થાય છે. આ અનુભવનો વિષય છે. સાધક આ જપપદ્ધતિ જાણીને મંત્રજાપ કરી પોતે અનુભવ કરે એ ઈચ્છવા યોગ્ય છે.

શ્રવણ કરતાં ઉચ્ચારણ, ઉચ્ચારણ કરતાં રટણ, રટણ કરતાં સહજ સ્ફુરણ, સહજ સ્ફુરણ કરતાં એકાકાર–તાદાત્મ્યભર્યું વિલોપન અને વિલોપન પછી એકાંતિક માતૃકામાં ચિત્તનું શૂન્યીકરણ આ બધાં એક એકથી ચડીયાતાં છે.

મંત્રજાપ કરનાર સાધક આ છ લક્ષણવાળો હોવો જરૂરી છે.

૧. ઉપશાંતચિત્ત – કષાયોના તાપથી રહિત (ક્રોધાદિથી રહિત ચંદન જેવો શીતલ હોય.)

૨. એકાગ્રચિત્ત – આડા અવળા વિચારોને દૂર કરનાર.

૩. સુનિશ્ચિત – આનાથી મારૂં ઈષ્ટ સિદ્ધ થશે જ એવી અટલ શ્રદ્ધાવાળો.

૪. ઉપયુક્ત – ચાલુ જાપની ક્રિયામાં જ મગ્ન.

૫. અવ્યાક્ષિપ્ત – ચિત્તની વ્યાકુળતા કે વ્યગ્રતા વિનાનો.

૬. વિરક્ત – વૈરાગ્ય સંપન્ન સમચિત – રતિ અરતિના હુમલાથી પર (સર્વ ઉપરસમાન ભાવવાળો.)

## આત્મ રક્ષા માટે 'વજ્ર પંજર'

શ્રી નમસ્કાર મહામંત્રનો વિધિ પૂર્વક જાપ કરનારે જાપની શરૂઆતમાં નીચેના સ્તોત્રથી શરીરની રક્ષા કરવી.

(૧) નવપદ સ્વરૂપ, સારભૂત પરમેષ્ઠિ નમસ્કાર આત્મ રક્ષા કરવા માટે વજ્રપિંજર સમાન છે. તેમનું હું સ્મરણ કરૂ છું.

**(૨) ૐ નમો અરિહંતાણં**

આ પદનો ઉચ્ચાર કરી મસ્તકે જમણો હાથ ફેરવવો

**(૩) ૐ નમો સિદ્ધાણં**

આ પદનો ઉચ્ચાર કરી મુખ પર હાથ ફેરવવો.

**(૪) ૐ નમો આયરિયાણં**

આ પદનો ઉચ્ચાર કરી શરીર પર જમણો હાથ ફેરવવો

**(૫) ૐ નમો ઉવજ્ઝાયાણં**

આ પદનો ઉચ્ચાર કરી બન્ને હાથમાં આયુધની ધારણા કરવી

jainuniversity.org

**(૬) ૐ નમો લોએ સવ્વસાહૂણં**

આ પદનો ઉચ્ચાર કરી મારા બન્ને પગની રક્ષા કરે તેમ ધારવુ.

**(૭) એસો પંચનમુક્કારો**

આ પદનો ઉચ્ચાર કરી હું વજ્રશિલા પર બેઠો છું તેમ ધારી આસનની ચારેબાજુ હાથ ફેરવવો.

**(૮) સવ્વપાવપ્પણાસણો**

આ પદનો ઉચ્ચાર કરી મારી ચારે તરફ લોઢાનો કિલ્લો છે તેમ ધારવું અને આસનની ચારે બાજુ ગોળ આડ બાંધવી.

**(૯) મંગલાણં ચ સવ્વેસિં**

આ પદનો ઉચ્ચાર કરી લોઢાના કિલ્લાની ચારે બાજુ ખેરના અંગારાથી ભરેલ ખીણ ખોદેલ છે– તેમ ધારવું.

**૧૦) પઢમં હવઈ મંગલં સ્વાહા**

આ પદનો ઉચ્ચાર કરીને લોઢાના કિલ્લાની ઉપર વજ્ર જેવું ઢાંકણું રહેલ છે તેમ ધારવું. આ રક્ષા સર્વ ઉપદ્રવોનો નાશ કરે છે. આ મંત્ર મુસાફરી વખતે પણ કરાય છે.

## વિવિધ મંત્રો અંગેની જાણકારી અને પ્રભાવ.

જૈન ધર્મના આચાર –વિચાર કે આહાર – આશય જેટલા પવિત્ર છે, જગત કલ્યાણને વરેલા છે, તેટલા જ જૈન મંત્રો પણ પ્રચંડ ઊર્જા ભરેલા સર્વજન સુખાયના ભાવથી ભરેલા છે. વિદ્વાનો પણ તે–તે મંત્ર શક્તિઓને હવે સ્વીકાર કરવા લાગ્યા છે. મંત્ર એટલે ચોક્કસ પ્રકારના (મંત્ર સિદ્ધ પુરૂષોના) અક્ષરો–ભાવો અને આશયોની ગુંથણી કરેલા શબ્દોનો સમૂહ તેમાં વિદ્યુત્ શક્તિ, આકર્ષણશક્તિ વગેરે રહેલી હોય છે. તે તે મંત્રના સતત જાપથી ઊર્જાની વિશુદ્ધિ – વિસ્ફોટ અને કાર્ય સિદ્ધિ થાય છે.

જૈન ધર્મમાં દેહ–મન–ઈન્દ્રિયો–પ્રાણ અને આત્માની સઘળી શક્તિઓનું રક્ષણ–સલામતી–સુવિધા અને સાધના–સિદ્ધિ તથા મનવાંછિત ફળની પ્રાપ્તિ માટે મહામંત્રાધિરાજ તરીકે નવકારમંત્રને બતાવવામાં આવ્યો છે. જેમાં ૐ કે હ્રી – મંત્ર બીજ લગાડયા વિના ગણવામાં આવે તો તે મોક્ષદાયક બને છે. અને ૐ હ્રીઁ મંત્રપૂર્વક

બોલવામાં આવે તો સર્વ મનોરથોની શીઘ્ર સિદ્ધિ થાય છે.

## વિદ્યા અને મંત્ર બે મુખ્ય છે

**વિદ્યા:–**

- સ્ત્રી દેવતાથી અધિષ્ઠિત તે વિદ્યા.
- અનુષ્ઠાન કરવાથી સિદ્ધ થાય તે વિદ્યા.
- જેને સિદ્ધ કરવા માટે જપ, હવન કરવા પડે તે વિદ્યા.

**મંત્ર:–**

- પુરૂષ દેવતાથી અધિષ્ઠિત તે મંત્ર.
- અનુષ્ઠાન વિના સિદ્ધ થાય તે મંત્ર.
- વિશિષ્ટ અક્ષરોની રચના તે મંત્ર.
- જેનું મનન કરવાથી રક્ષણ થાય તે મંત્ર.
- જે સૂત્ર વારંવાર મનન કરવા યોગ્ય હોય તે મંત્ર કહેવાય.
- દેવ–દેવી વગેરેનો સત્કાર હોય તે મંત્ર.
- જેનો પાઠ કરવાથી સિદ્ધિ મળે તે મંત્ર.

નવકારના જાપથી સર્વ પાપનો નાશ થાય, સર્વ પાપના નાશથી મનની શુદ્ધિ થાય, મનની શુદ્ધિથી આત્માની સિદ્ધિ થાય, આત્માની સિદ્ધિથી કેવળજ્ઞાનની ઉપલબ્ધિ થાય, કેવળ–જ્ઞાનથી પરમાત્મપદ–મોક્ષની પ્રાપ્તિ થાય, એટલે નવકારથી મોક્ષ મળે.

**મંત્ર ત્રણ પ્રકારના છે**

૧) બીજ મંત્ર

એકથી નવ અક્ષર સુધીના મંત્રને બીજ મંત્ર કહેવાય છે.

૨) મંત્ર

દશથી વીશ અક્ષર સુધીના મંત્રને મંત્ર કહેવાય છે.

૩) માલા મંત્ર

વીશથી વધારે અક્ષર હોય તે મંત્ર માલામંત્ર કહેવાય છે.

નમસ્કાર મંત્ર ઉચ્ચ કોટીનો હોવાથી નમસ્કારને વરમંત્ર, પરમમંત્ર કે મહામંત્ર કહે છે.

પ્રણવ (ૐકાર, હ્રીં કાર, અર્હં) પ્રભાવવાળા બીજ છે, તે સર્વનું મૂળ નવકાર વરમંત્ર છે.

**મંત્ર એટલે શું ?**

૧) જેના ચિંતનથી ભય સામે રક્ષણ થાય તે મંત્ર.

૨) રૂદ્રયામલમાં ભગવાન શંકરે પાર્વતીજીને કહ્યું કે જેના મનનથી પરમતત્ત્વનો બોધ થાય તે મંત્ર.

૩) લલિતા સહસ્રમાં કહેલ છે કે જેના મનનથી સંસારનો ક્ષય થનાર ગુણ હોય તે મંત્ર.

૪) શ્રી અભયદેવસૂરિજીએ પંચાશક ગ્રંથમાં કહ્યું છે કે, દેવથી અધિષ્ઠિત વિશિષ્ટ અક્ષરોની રચનાને મંત્ર કહેવાય છે.

૫) પંચ કલ્પ ભાષ્ય નામના જૈન ગ્રંથમાં લખેલ છે જે પાઠ સિદ્ધ હોય તે મંત્ર કહેવાય.

**મંત્ર વ્યાકરણ:–**

મંત્રવિદો ગુપ્ત બોલે છે તે મંત્ર.

**મંત્ર:–** અક્ષરના બે પ્રકાર છે.

૧) સ્વર–૧૬

૨) વ્યંજન– ૨૪

કુલ –૫૦

આ પચાસ વર્ણમાંથી કોઈનું પણ સંયોજન એટલે મંત્ર.

**દા.ત.** (૧) અ+ઉ+મ્ = ૐ

(૨) હ+ર્+ઈ+મ્ = હ્રીં

| | | | |
|---|---|---|---|
| પૂજાકોટિસમો સ્તોત્રં, | ૧ કરોડ પૂજા | = | ૧ સ્તોત્ર |
| સ્તોત્રકોટિસમો જપં । | ૧ કરોડ સ્તોત્ર | = | ૧ જાપ |
| જપ કોટિસમો ધ્યાનં | ૧ કરોડ જાપ | = | ૧ ધ્યાન |
| ધ્યાનકોટિસમો લય:॥ | ૧ કરોડ ધ્યાન | = | ૧ લય એટલે એકાગ્રતા |

વીતરાગ પરમાત્માની કરોડ વાર પૂજા કરવા બરાબર એક સ્તોત્ર પાઠ છે. કરોડવાર સ્તોત્ર પાઠ કરવા બરાબર એક જાપ છે. કરોડ વાર જાપ કરવા બરાબર એક ધ્યાન છે. અને કરોડ વાર ધ્યાન કરવા બરાબર એક લય છે.

જેમ ***ૐ હ્રીં – નમો અરિહંતાણં***
***ૐ હ્રીં – નમો સિદ્ધાણં***
***ૐ હ્રીં – નમો આયરિયાણં***
***ૐ હ્રીં – નમો ઉવજ્ઝાયાણં***
***ૐ હ્રીં – નમો લોએસવ્વસાહૂણં***

અથવા નમો અરિહંતાણં.. નમો સિદ્ધાણં વગેરે પદોથી ૐ હ્રીઁ લગાડ્યા વિના સાદો નવકાર સંપૂર્ણ ગણવો. રોજ ઊઠતા ૧૨ નવકાર સૂતાં ૭ નવકાર અને ઘરની બહાર નીકળતાં ૩ નવકાર અને શક્ય હોય તો રોજ ૧૦૮ કે ૨૭ નવકાર ગણવાથી પ્રચંડ પુણ્ય બંધ અને કર્મક્ષય થાય છે.

૧) સિદ્ધચક્રના મંત્ર : **ૐ હ્રીં – શ્રીં અર્હં અસિઆઉસા નમઃ ।**

ત્રિકાલ (સવાર–બપોર–સાંજ) પાંચ–પાંચ માળા ગણવી, સર્વ કાર્ય સિદ્ધ થાય.

૨) **અરિહંત સિદ્ધ આયરિય ઉવજ્ઝાય સાહૂ ।**

**પ્રભાવ :** વિધિપૂર્વક સવા લાખનો જાપ કરવાથી લક્ષ્મી–વિદ્યા–યશ પ્રાપ્ત થાય.

૩) **ૐ હ્રીં – અર્હં નમઃ ।** આ ષડક્ષરી સિદ્ધ મંત્ર છે.

**પ્રભાવ :** રોજ ૧૦ માળા ગણવાથી મન:શાંતિ કાર્ય સિદ્ધિ અવશ્ય થાય છે.

૪) **ૐ હ્રીં – શ્રીં અર્હ– નમઃ ।**

**પ્રભાવ :** રોજ ૨૦ માળા ગણવાથી લક્ષ્મી પ્રાપ્ત થાય, નિર્ધનતા, દુ:ખ દરિદ્રતા નાશ પામે છે.

૫) **ૐ હ્રીં – અર્હત્ ઉત્પત ઉત્પત સ્વાહા ।**

**પ્રભાવ :** આ ત્રિભુવનસ્વામીની મહાચમત્કારી વિદ્યા છે. રોજ ૧૦ માળા ગણવાથી અખૂટ લક્ષ્મી વગેરે આપનારી છે.

૬) **ૐ ઐમ્ (અઈમ્) નમઃ ।**

**પ્રભાવ :** રોજ ૧૦ માળા ગણવાથી જ્ઞાન–બુદ્ધિ વધે.

૭) **ૐ હ્રીં – શ્રીં ક્લીં બ્લૂં ઐમ્ નમઃ ।**

**પ્રભાવ :** આ સરસ્વતી દેવીનો સિદ્ધમંત્ર છે, રોજ ૧૦ માળા ગણવાથી વિદ્યા–જ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

૮) **ૐ હ્રાં હ્રીં – હ્રુ– હ્રૌં હ્રઃ અસિઆઉસા સ્વાહા ।**

**પ્રભાવ :** ત્રિકાળ પાંચ–પાંચ માળા ગણવાથી સર્વ રીતની સુખ શાંતિ અને અંતે મોક્ષની પ્રાપ્તિ થાય છે.

૯) **ૐ હ્રીં – નમો અરિહંતાણં સિદ્ધાણં સૂરિણંઉવજ્ઝાયાણં સાહૂણં મમ ઋદ્ધિં વૃદ્ધિં સમીહિતં કુરુ કુરુ સ્વાહા ।**

**પ્રભાવ :** ત્રિકાલ ૩૨–૩૨ વાર જાપ કરવાથી સર્વ સિદ્ધિ પ્રાપ્ત થાય. લક્ષ્મીનો લાભ થાય છે. અથવા ૨૧ દિવસ સુધી ત્રિકાલ સામાયિક લઈને જાપ કરવાથી શીઘ્ર સિદ્ધિ થાય છે.

## આ સિવાય કેટલાક વિશિષ્ટ મંત્રો

૧) **સરસ્વતી મહાવિદ્યા**

**"તીર્થંકરગણધરપ્રસાદાત્ એષ યોગઃ ફલતુ "** એમ કહીને

**ૐ હ્રીં ચઉદસપુવ્વિણં, ૐ હ્રીં પયાણુસારિણં, ૐ હ્રીં એગારસંગ ધારિણં, ૐ હ્રીં ઉજ્જુમઈણં, ૐ હ્રીં વિપુલમઈણં સ્વાહા ।**

**પ્રભાવ :** આ મહાવિદ્યાનો જાપ હંમેશા ૧૦૮ વખત એમ છ મહિના સુધી કરે તો બુદ્ધિ તીક્ષ્ણ થાય, યાદશક્તિ વધે, જે જે વિદ્યાઓ શીખવાની અભિલાષા કરે તે બહુ જ જલ્દી આવડે તેમજ સભામાં વ્યાખ્યાન

આપવાની શક્તિ પ્રાપ્ત થાય છે.

**૨) શ્રી પ્રાપ્તિ મહાવિદ્યા**

**"તીર્થંકરગણધરપ્રસાદાત્ એષ યોગઃ ફલતુ"** એમ કહીને

**ૐ હ્રીઁ બીયબુદ્ધિણં, ૐ હ્રીઁ કુટ્ઠબુદ્ધિણં, ૐ હ્રીઁ સંભિન્નસોઆણં, ૐ હ્રીઁ અક્ખિણમહાણસલદ્ધિણં સવ્વલદ્ધિણં નમઃ સ્વાહા ।**

**પ્રભાવ :** આ મહાવિદ્યાનો ત્રણ ઉપવાસ – (અઠ્ઠમ) કરીને ત્રણ દિવસમાં સાડાબાર હજારવાર જાપ કરવો. ઉપવાસ ન બની શકે તો દૂધ, સાકર, ઘી, ચોખા અને રોટલીનું એકવાર ભોજન કરવું. અને ઉકાળેલું પાણી પીવું, આ મહાવિદ્યાનો જાપ કરતી વખતે પીળાં કપડાં, પીળું આસન અને પીળી માળા રાખવી. સાડા બાર હજાર પૂર્ણ થયા બાદ હંમેશા ૧૦૮ વાર જાપ કરવો. જેથી ધનસંપતિ અને પુત્ર પરિવાર પ્રાપ્ત થાય તેમજ આજીવિકા પણ સારી રીતે ચાલે.

**૩) રોગાપહારિણી મહાવિદ્યા**

**"તીર્થંકરગણધરપ્રસાદાત્ એષ યોગઃ ફલતુ"** એમ કહીને

**ૐ નમો આમોસહિલદ્ધિણં, ૐ નમો વિપ્પોસહિલદ્ધિણં, ૐ નમો ખેલોસહિલદ્ધિણં,**
**ૐ નમો જલ્લોસહિલદ્ધિણં, ૐ નમો સવ્વોસહિલદ્ધિણં, એઅેસિં રોગોવસમણે પસિજ્જઉ સ્વાહા ।**

**પ્રભાવ :** આ મહાવિદ્યા ૧૦૮ વાર ચંદ્રસ્વર ચાલતો હોય ત્યારે ભણીને પાંચ તોલા પાણી અથવા દૂધ મંત્રિને સાત અથવા ચૌદ દિવસ સુધી રોગી મનુષ્યને પીવરાવે તો સર્વરોગ નાશ પામે. અગર રોગી મનુષ્ય પોતે આ મહાવિદ્યાનો જાપ કરે તો **એઅેસિં રોગોવસમણે** ને બદલે **મમ રોગોવસમણે પસિજ્જઉ સ્વાહા** એ પ્રમાણ બોલે.

**આત્મ શુદ્ધિ માટે મંત્રઃ–**

૧) આત્મ શુદ્ધિ માટે નીચેના મંત્રની દશ માળા એટલે કે ૧૦૦૮ વાર મંત્ર ગણવો.

ૐ હ્રીઁ ણમો અરિહંતાણં

ૐ હ્રીઁ ણમો સિદ્ધાણં

ૐ હ્રીઁ ણમો આયરિયાણં

ૐ હ્રીઁ ણમો ઉવજ્ઝાયાણં

ૐ હ્રીઁ ણમો લોએ સવ્વસાહૂણં

**આ મંત્ર ભય દૂર કરવા માટે પણ કરી શકાય.**

**સર્વ કાર્ય સિદ્ધ મંત્રઃ–**

**ૐ હ્રીં શ્રીં અર્હં અ સિ આ ઉ સા નમઃ**

**વિદ્યાધ્યયન મંત્રઃ–** વિદ્યા દ્રવ્ય પ્રાપ્તિ માટે

## મંત્રજાપ કરવામાં રસ બહુ પડે છે તો... (૭.૭)

- ☐ નમસ્કાર મહામંત્રનો વિધિપૂર્વક જાપ કરવો.
- ☐ સ્થિરતા અને શુદ્ધિપૂર્વક નવપદનો જાપ કરવો.
- ☐ જ્ઞાનની આરાધના માટે 'નમો નાણસ્સ' પદનો જાપ કરવો.
- ☐ બ્રહ્મચર્યની વિશુદ્ધિ માટે 'પરમાત્મા નેમિનાથ' તથા 'સ્થૂલિભદ્રસ્વામી' ને આશ્રયથી જાપ કરવો.
- ☐ ચિત્તની શાંતિ, જીવનમાં શાતા, મરતા સમાધિ અને પરભવમાં સદ્‌ગતિ મેળવવા માટે 'ૐ હ્રીँ અર્હँ નમ:'નો જાપ રોજ ત્રિકાલ કરવો. (૧૦ માળાથી શરૂઆત કરવી)

jainuniversity.org